કાળી હિમવર્ષા નો દિવસ

કેન્ડિસ રેન્સમ

ચિત્ર: લોરી હાર્ડન



કાળી હિમવર્ષા નો દિવસ


કેન્ડિસ રેન્સમ
ચિત્ર: લોરી હાર્ડન

લેખકની નોંધ

દક્ષિણી મેદાની રાજ્યોને, અમેરિકાના અન્ન ભંડાર તરીકે જાણવામાં આવે છે. સમતલ ભૂમિ, અને બહુ ઓછા વૃક્ષ, આ પ્રદેશને હજારો એકર ઘઉં અને મકાઈ જેવા અનાજ ઉગાવવા માટે આદર્શ બનાવે છે. પહેલા, ખેડૂત ઘોડાની મદદથી જમીન ખેડતા હતા અને લણણી કરતા હતા. 1920 ના દશક દરમ્યાન, ટ્રેક્ટરોએ ઘોડાની જગ્યા લઈ લીધી. હળની મદદથી મેદાનનું ઘાસ અને અન્ય વનસ્પતિ કાપવામાં આવ્યા જે હંમેશા મેદાનોમાં ઉગતા હતા અને માટીને બાંધીને રાખતા હતા. થોડા સમયમાં 100,000,000 એકર જમીન કૃષિ ભૂમિ બની ગઈ.

1931 માં, દક્ષિણી મેદાની પ્રદેશમાં દુકાળ પડયો. પશ્ચિમી કાન્સાસ અને ટેક્સાસ અને ઓક્લાહોમાના થોડા વિસ્તારમાં મહિનાઓ સુધી વરસાદ ન આવ્યો. ખેતરોમાં પાક સૂકાઈ ગયો. જેવી તેજ હવા સૂકા ખેતરોમાં ચાલી, તો એનાથી ધૂળ અને માટી ઉડવા લાગી. કોઈને એ વાતનો અણસાર ન આવ્યો કે દેશી ઘાસને લીધે માટી એની જગ્યાએ બંધાયેલી રહેતી હતી. ધૂળના તોફાને આકાશમાં ટનના હિસાબે બારીક માટી ઉડાવી. 1935 ના વસંતમાં, આ "કાળી હિમવર્ષા" એ લગભગ બે અઠવાડિયા માટે તારાજી કરી.

10 વરસના ઓરી જેન્કિન્સ અને એની ઓરમાન બહેન મિલ્ડ્રેડ અસલી પાત્રો નથી, પણ એ "બ્લેક સન્ડે" માં થી બચવાવાળા બાળકો જરૂર હોઈ શકતા હતા. આ 1930 ના દશક સુધી ચાલેલું દુકાળના લાંબા વર્ષો દરમ્યાનનું સૌથી ભયાનક તોફાન હતું.



રવિવાર, 14 એપ્રિલ, 1935
દક્ષિણ-પશ્ચિમી કાંસાસ
સવારે 8:00 વાગ્યે

ઓરી જેન્કિન્સે એના ચહેરા પરથી કપડું હટાવ્યું.
એણે એના ધાબળામાંથી ધૂળ ખંખેરી.
કાળા કણ ખરબચડી ભોંય પર જામી ગયા હતા.
બારીમાં ચીંથરા ખોસેલા હતા,
તો પણ ધૂળ હંમેશા અંદર આવતી હતી.
10 વરસનો છોકરો ધૂળને એના નાકમાં
જતી રોકવા માટે એના ચહેરા પર
ભીનું કપડું રાખીને સૂતો હતો.

ઓરીએ કપડાં પહેર્યાં અને એના રૂમમાંથી બહાર નીકળ્યો.

હોલની ધૂળ પર બૂટના નિશાન પરથી એને ખબર પડી કે એના ઓરમાન પિતા પહેલેથી જ બહાર હતા.

ઓરીના પિતા ઘણા વર્ષો પહેલા મૃત્યુ પામ્યા હતા.

પાછલી નાતાલમાં ઓરીની માઁ એ

ડેન પેટર્સન સાથે લગ્ન કર્યાં હતા.

પછી એ મિસ્ટર પેટર્સનના ફાર્મ પર રહેવા આવ્યા હતા.


ઓરીને એના સાવકા પિતા પસંદ હતા,

પણ એ ચાહતો હતો કે એની ઓરમાન

બહેનની જગ્યાએ એને ઓરમાન ભાઈ હોત.

સાત વરસની છોકરીઓ સાથે બહુ મજા ન આવે,

ઓરીએ રસોડામાં જતા વિચાર્યું.



મિલ્ડ્રેડ નાસ્તો કરી રહી હતી,

એ ટેબલ પર પડેલી ધૂળમાં ડિઝાઇન બનાવી
રહી હતી.

"ગુડ મોર્નિંગ, ઓરી," એણે કહ્યું.

"આજે આપણે શું કરશું?"

"મને ખબર નથી," એણે કહ્યું.

ધૂળના તોફાનને લીધે, આજે કદાચ એને

ઘરની અંદર જ રહેવું પડશે.

ઓરીની માઁ એ એને માટે

મકાઈના દલિયાનો કટોરો ભરીને આપ્યો.

રોજ એ નાસ્તામાં મકાઈનો દલિયા જ ખાતા હતા.

એ રાત્રિભોજનમાં મકાઈનું પાઉં અને કઠોળ ખાતા હતા,

અથવા દૂધમાં ભીંજાવીને મકાઈનું પાઉં ખાતા હતા.

ઓરી મકાઈનું પાઉં ખાઈ-ખાઈને કંટાળી ગયો હતો.

પણ એ સમય બહુ મુશ્કેલ હતો.

થોડા પરિવારો પાસે તો ખાવા માટે મકાઈ પણ ન હતી.








"આખી રાત પાછી હવા ચાલી,"
એની માઁ એ નિસાસો નાખ્યો.
ઓરી ને માઁ થાકેલી લાગી.
હવા એને જાગૃત રાખતી ન હતી.
પણ ઓરીને એના દાંતમાં ભરાયેલી
ધૂળથી નફરત હતી.

ધૂળ એના ખાવામાં અને
પાણીમાં ઘુસી જતી હતી.
ધૂળ, ખુરશી અને ટેબલ
પર જામી જતી હતી.
ધૂળ, ભોંય પર ઢગલો થઈ જતી હતી.

જમ્યા પછી, ઓરીએ જમવાના કડછાથી
ધૂળ ભરીને બહાર ફેંકી.
મિલ્ડ્રેડે અલમારી પરથી ધૂળને ઝાડી.
એ પછી, ઓરીએ બધી બારીઓ લૂછી.
ચમકદાર, વાદળી આકાશમાં
બહાર, સૂરજ ચમકી રહ્યો હતો.
એ એક બહુ સરસ દિવસ હતો!
અઠવાડિયાઓ સુધી, ધૂળના વાદળની પાછળ
સૂરજ સંતાઈ ગયો હતો.
"શું આપણે પીકનીક પર જઇયે?"
ઓરીએ પૂછ્યું.
"જો ગાડી ચાલે, તો આપણે જઇ શકીયે,"
એની માઁ એ કહ્યું.





ઓરી બહાર દોડયો.

એના સાવકા પિતા કોઠારમાં હતા,

એ એની ગાડીને તપાસી રહ્યા હતા.

"શું આ ચાલુ થશે?" ઓરીએ પૂછ્યું.

ડેન પેટર્સને માથું હલાવ્યું.

"સ્થિર વીજળીએ સ્ટાર્ટરને

લગભગ બરબાદ કરી નાખ્યું છે," એણે કહ્યું.

ધૂળના તોફાન દરમ્યાન,

ધૂળના કણ એક-બીજા સાથે ઘર્ષણ કરતા હતા.

એનાથી સ્થિર વીજળી પેદા થતી હતી.

વીજળીથી ચાર્જ થયેલી હવા

ખેતરના ભુટ્ટાને શેકી નાખતી હતી.

એનાથી ગાડીનું એન્જીન પણ ખરાબ થઈ જતું હતું.

એના ઓરમાન પિતાએ પાનું (ટાઇટ કરવાનું ઓજાર) નીચે મૂક્યું.

"આજે આ ગાડી જઇ નહીં શકે," એણે કહ્યું.

ઓરી નિરાશ થયો.

એને એની માઁ ને

પરદા અને પાથરણાં બહાર લઈ જતા જોયા.

"ઓરી, આવ, આપણે પાથરણાંમાંથી ધૂળ કાઢીયે!"

માઁ એ કહ્યું.

"મિલ્ડ્રેડ એ કામ કેમ કરી ન શકે?"

"કારણકે એ ફક્ત સાત વરસની છે,"

ઓરીના ઓરમાન પિતાએ કહ્યું.

"અને એને ધૂળને લીધે ન્યુમોનિયા થઈ ગયો છે."

પાછલી વસંતમાં મિલ્ડ્રેડ બીમાર હતી.

એ એના ફેફસામાંથી ધૂળને

ઉધરસ ખાઈને બહાર કાઢી શકતી ન હતી.

ત્યારે મિલ્ડ્રેડને 50 માઈલ દૂર ડોક્ટર પાસે લઈ જવી પડી હતી.


"હવે તું 10 વરસનો થઈ ગયો છે,"

એના સાવકા પિતાએ કહ્યું.

"તારે વધારે જવાબદારી સંભાળવી જોઈએ."

ઓરી મોટા ભાગનું કામ કરીને થાકી ગયો હતો,

ભલે એ સૌથી મોટો હોય.



કામકાજ પૂરા થઇ ગયા પછી, ઓરીને રજા મળી.

"ચાલો આપણે તીરની અણીની શોધમાં જઇયે,“ એણે મિલ્ડ્રેડને કહ્યું.

ઓરીની માઁ એ એને નેપકિનમાં લપેટીને

મકાઈના પાઉંનો ટૂકડો આપ્યો.

"બહુ દૂર જતા નહીં," માઁ એ કહ્યું.

ઓરીનો કૂતરો, આર્ચી પણ એની સાથે ગયો.



એ ઉજ્જડ ખેતરોમાંથી પસાર થયા,

જ્યાં થોડા મકાઈના સૂકાયેલા ઠૂંઠા હતા.

ઉપરથી માટી ઉડી જવાને લીધે,


જમીન ઇંટ જેવી સખત થઇ ગઇ હતી.

ત્યાં કંઇ ઉગી કેવી રીતે શકે?

ઓરી અને મિલ્ડ્રેડ જયારે તીરની

અણી શોધી રહ્યા હતા,

તો ઉપર પ્રખર સૂર્યપ્રકાશ ચમકી રહ્યો હતો.



થોડી વાર પછી,

મિલ્ડ્રેડે કહ્યું, "હું થાકી ગઇ છું.

શું આપણે ઘરે જઇ શકીયે?"

"હમણાં નહીં," ઓરીએ કહ્યું.

એને આવી બાલિશ

સાવકી બહેન સાથે કેમ રહેવું પડતું હતું?

સાવકો ભાઈ આટલી જલ્દી

ઘરે પાછો જવા ચાહતો ન હતો.

એ ખેતરથી દૂર ચાલ્યા ગયા.

એક વાર ઓરી થંભી ગયો.

"ત્યાં જો!" એણે કહ્યું.


એક વૃક્ષ પર કાંટાવાળો તાર લટકતો હતો.

એ તારમાંથી કાળી પાંખ બહાર નીકળી રહી હતી.

"જો, પેલા કાગડાના માળાને," ઓરીએ કહ્યું.


કાગડાને પણ મુશ્કેલ સમયનો

સામનો કરવો પડી રહ્યો હતો.



પછી એણે મકાઈનું પાઉં ખાધું
અને થોડી વાર આરામ કર્યો.
"મને ઠંડી લાગે છે," મિલ્ડ્રેડે કહ્યું.
"હવે આપણે ઘરે જઈ શકીયે?"
ઓરીને પણ ઠંડી લાગી રહી હતી.
તાપમાન ઝડપથી ઓછું થઈ રહ્યું હતું.

અચાનક, હજારો પક્ષી કલબલાટ કરતા
આકાશમાં ઉડતા દેખાયા.
આર્ચી ભસવા લાગ્યો.
પક્ષી કેમ ઉડી રહ્યા હતા?
ઓરીને આશ્ચર્ય થયું.
ત્યાં એને એનું કારણ સમજાયું.





4:00 વાગ્યે

પશ્ચિમી આકાશમાં એક કાળું વાદળું છવાયેલું હતું.

ઓરીએ પહેલા પણ "ધૂળના વાદળ" જોયા હતા,

પણ એણે એવું ભયાનક વાદળ પહેલા ક્યારેય જોયું ન હતું.

કાળી દીવાલ જે એના તરફ

ધસી રહી હતી, એ ધરતીને ગળી ગઇ હતી.

ઓરીએ મિલ્ડ્રેડનો હાથ પકડી લીધો.

"ભાગ!" એણે ચીસ પાડી.

સૌથી નજીકનું ઘર બહુ દૂર હતું.

એ ક્યાં જઇ શકતા હતા?

કાશ કે એ લોકો ઘરથી આટલા દૂર ન હોત.

આકાશ રાત જેવું કાળું થઇ ગયું.
ધૂળ એના પગ અને ચહેરા પર ખૂંચવા લાગી.
હવાથી એના કપડાં ફાટી ગયા.
ધૂળની આંધીએ એને આંધળા કરી દીધા.
ઓરીએ એનો રૂમાલ મિલ્ડ્રેડને આપી દીધો.

"તારું મોઢું ઢાંકી લે," ઓરીએ ચીસ પાડી.
જો એ પાછી માંદી થઇ ગઇ તો શું થશે?
તો તો એ ઓરીનો જ વાંક થશે.
એણે વાડ પાસે એક ખાઇ જોઇ.
ઓરી ખાઇમાં કૂદી ગયો,
એણે મિલ્ડ્રેડને એની પાછળ ખેંચી લીધી.
આર્ચી પણ ખાઈમાં કૂદી ગયો.







વાડના તારમાં સ્થાનિક વીજળી નાચી રહી હતી.
ભયભીત થઇને ઓરીએ મિલ્ડ્રેડ
અને આર્ચીને એના શરીરથી ઢાંકી દીધા.
ધૂળ એના નાકને મરીની જેમ બાળી રહી હતી.
હવા એની ચારે બાજુ ચીસ પાડી રહી હતી.
મિલ્ડ્રેડ રડવા લાગી.

ઓરીને ડર હતો કે
ક્યાંક એ માટીમાં દબાઇ ન જાય.
એણે કહ્યું, "અહીં રહે."
"તારું માથું નીચે રાખ."
પછી એ ખાઇમાં સરકવા લાગ્યો.
એને આશ્રય માટે ઉપયોગી થાય
એવું કંઇક જોતું હતું.

હવાથી ઘણી વસ્તુઓ ઉડી હતી
- લાકડાના પાટિયા, બાલદીઓ,
અને એક બેન્જો પણ.
એ ખાઈમાં પડીને ફસાઇ ગયા હતા.
ઓરીની આંગળીઓ કોઇ ચીકણી વસ્તુ સાથે ભટકાઈ.
એ એક કાર્ડબોર્ડનું શીટ હતું!
ઓરી એને રોકવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો.
પણ હવા એને એના હાથમાંથી ઝૂંટવી
લેવા માટે તત્પર હતી.
ત્યાં ઓરીને ભ્રમ થયો.
મિલ્ડ્રેડ પાસે પાછા જવાનો
સાચો રસ્તો કયો હતો?
શું એ હજી પણ ખાઈમાં જ હતો?
એની ચારે બાજુની દુનિયા
કાળી હવાઓ અને ખૂંચવાવાળી
રેતીથી ભરેલી હતી.
ગભરા નહીં, એ મનમાં બોલ્યો.
કારણકે મિલ્ડ્રેડની જવાબદારી એની ઉપર હતી.
એને મિલ્ડ્રેડને જીવતી બહાર કાઢવાની હતી.





ઓરી ફરી સરકવા લાગ્યો.

કાર્ડબોર્ડ એના પગમાં અથડાયું.

એણે ધૂળથી ઢંકાયેલા એક ઢગલા

સાથે ઠોકર ખાધી.

એના હાથેથી માટી હટાવતા

એણે બૂમ પાડી, "મિલ્ડ્રેડ!"

ઢગલો હલવા લાગ્યો.

"ઓરી?"

મિલ્ડ્રેડ આર્ચીને ગળે લગાવી રહી હતી

અને રડી રહી હતી.

ઓરીએ કાર્ડબોર્ડને એના માથા ઉપર

તંબુની જેમ રાખ્યું.

હવાથી એ ખેંચાવા લાગ્યું.

એણે એને પકડી રાખ્યું

અને એની આંગળીઓ દુખવા

લાગી.

તોફાન એકધારું ચાલુ રહ્યું.

પણ એ એના આશ્રયમાંથી ખસ્યા નહીં.

આખરે, પવનના સુસવાટા બંધ થયા.


ઓરીએ કાર્ડબોર્ડની છતને ધક્કો માર્યો.

પણ કાર્ડબોર્ડ જરાય હલ્યું નહીં.

"મારી મદદ કર," ઓરીએ બૂમ પાડી.

એણે અને મિલ્ડ્રેડે બની શકે એટલા
જોરથી ધક્કો માર્યો.

એનાથી કાર્ડબોર્ડ એટલું ખસ્યું કે
ઓરી એનું માથું બહાર કાઢી શક્યો.





એ હાંફવા લાગ્યો.

બહારની દુનિયા કાળી રેતીથી ઢંકાઇ ગઇ હતી!

રેતીના ઢગલાએ વાડને દબાવી દીધી હતી.

એક અજબ નારંગી ચમક
ક્ષિતિજ પર લટકતી હતી.





ઓરીએ રેતીને ત્યાં સુધી ખોદી
જ્યાં સુધી એ મુક્ત ન થઇ ગયા.
એના ચહેરા કાળા પડી ગયા હતા.
એ વાડના કિનારે-કિનારે ચાલ્યા.
ઓરી જાણતો હતો કે વાડ એને
કોઇ ઘર કે કોઠાર સુધી જરૂર લઇ જશે.

ક્યારેક વાડ ગાયબ થઈ જતી હતી.
ઓરી ત્યાં સુધી ખોતરતો
જ્યાં સુધી એને વાડના
થાંભલાની ટોચ મળતી.
નારંગી રોશની ફીકી પડી ગઇ હતી.
રાત ઢળી રહી હતી.
મિલ્ડ્રેડ થાકીને લથડિયાં ખાઇ રહી હતી.
આર્ચીને પણ મુશ્કેલી થઇ રહી હતી.

ત્યાં ઓરીને એક ગોળાકાર ઉપસેલો આકાર દેખાયો.

એક ઘર?

એ ધૂળથી ઢંકાયેલી ઇમારત

એક શેડ હતી.

"આપણે આજે રાતે અહીં જ રહીશું," એણે કહ્યું.

"મને ઠંડી લાગે છે અને ભૂખ લાગી છે," મિલ્ડ્રેડે કહ્યું.

શેડમાં ખાવા માટે કંઇ ન હતું.

અને પીવા માટે પણ કંઈ ન હતું.

એ બંને બહુ તરસ્યા હતા.

ઓરીએ વિચાર્યું કે મિલ્ડ્રેડ રડશે,

પણ એ રડી નહીં.

એને થોડા ગૂણપાટના કોથળા મળ્યા.

એણે એક કોથળો મિલ્ડ્રેડની


ચારે બાજુ લપેટી દીધો.


થોડી વાર પછી એ સૂઇ ગઇ.

દૂરથી જંગલી વરુના અવાજો આવી રહ્યા હતા.

ઓરી બહુ થાકી ગયો હતો.

એ પણ સૂઇ ગયો.





એપ્રિલ 15, 1935
7:30 વાગ્યે સવારે

"ઓરી! મિલ્ડ્રેડ!" આ કોઇ સ્વપ્નું ન હતું.

દૂરથી કોઇ અવાજ એને બોલાવી રહ્યો હતો!

ઓરી દરવાજા તરફ દોડયો, પણ ખસતી રેતીએ દરવાજાને બંધ કરી દીધો હતો.

"અહીં!" ધીમા કર્કશ અવાજમાં ઓરી બોલ્યો.

"અમે અહીં છીએ!" એનું મોઢું બહુ સૂકાઇ ગયું હતું.

એનો અવાજ કોઇ સાંભળી શકે એમ ન હતું!

"શું તું ચીસ પાડી શકે છે?"

એણે મિલ્ડ્રેડને પૂછ્યું.

મિલ્ડ્રેડે પણ કોશિશ કરી.

પણ એ ફક્ત ગણગણાટ જ કરી શકી.

પછી એણે આર્ચીને ઉઠાવ્યો.

"બોલ, બેટા!" એ ગણગણી.

આર્ચી જોરથી ભસ્યો.

"આ તેં બહુ સારું કર્યું!"

ઓરી ધીમા કર્કશ અવાજે બોલ્યો.

થોડી મિનિટો પછી, એણે દરવાજા પાસેથી

રેતી ખોતરવાનો અવાજ સાંભળ્યો.

ડેન પેટર્સન અંદર અંદર આવ્યા.

"શું તમે બરાબર છો?" એણે પૂછ્યું.

"અમે બરાબર છીએ," ઓરીએ કહ્યું.


"ઓરીએ માટી અને ધૂળને બહાર

રાખવા માટે છત બનાવી," મિલ્ડ્રેડે કહ્યું.

"પછી એને આ છત મળી."

"પણ મિલ્ડ્રેડે આર્ચીને કહ્યું કે

એ તમને જણાવે કે અમે ક્યાં છીએ," ઓરીએ કહ્યું.



"તમારે ઘરેથી આટલે દૂર જવું

જોઈતું ન હતું,"

એના સાવકા પિતાએ ઠપકો આપ્યો.

"હવેથી હું વધારે જવાબદાર બનીશ,"

ઓરીએ કહ્યું.

એને ધૂળના તોફાનની તાકાત વિષે ખબર પડી ગઇ હતી.

એણે એ પણ જાણ્યું કે મિલ્ડ્રેડ કોઇ બાળકી ન હતી!

"ચાલો ઘરે જઇયે,"

એના સાવકા પિતાએ કહ્યું.

"તમે બન્નેને નાહવાની જરૂર છે!"

"અને ખાવાની પણ!" મિલ્ડ્રેડે કહ્યું.

"મને ભૂખ લાગી છે!"

ઓરી પણ ભૂખ્યો હતો.

એની માઁ ના હાથનું મકાઈનું પાઉં

બહુ સ્વાદિષ્ટ લાગશે!





ઉપસંહાર

બ્લેક સન્ડેના તોફાને પાકને નષ્ટ કરી દીધો અને પશુધનને મારી નાખ્યું. એની હવાઓ 8,000 ફીટ ઊંચા ધૂળના વાદળમાં 50 માઈલ પ્રતિ કલાકની ગતિ થી ચાલી.

બીજે દિવસે, 15 એપ્રિલ, 1935 ના, ખબરપત્રી રોબર્ટ ગીગરે

તોફાન વિષે એક સમાચારપત્રમાં લેખ લખ્યો. એમાં એણે દક્ષિણી

મેદાનોને "ડસ્ટ બાઉલ" કહ્યા. એ નામ લોકોના દિલમાં વસી ગયું.

બ્લેક સન્ડેએ ઘણા ખેડૂત પરિવારોને ત્યાંથી ચાલ્યા જવા માટે

પ્રેરિત કર્યા. એ ઓક્લાહોમા, ટેક્સાસ, અર્કન્સાસ, નેબ્રાસ્કા અને કેન્સાસથી આવ્યા હતા. લગભગ 3,500,000 લોકોએ પોતાનો સામાન ગાડીઓમાં અને ટ્રકોમાં ભર્યો અને પશ્ચિમ તરફ રવાના થયા. ઘણા પરિવાર સારા જીવનની આશામાં કેલિફોર્નિયા જતા રહ્યા.

આ ચિત્ર સ્પ્રિંગફીલ્ડ, કોલોરાડોમાં 1904 માં આવેલા ધૂળના તોફાનને દર્શાવે છે.

મુશ્કેલીઓ છતાં, મોટા ભાગના લોકો એના ખેતર પર

જ વસેલા રહ્યા. કોંગ્રેસે 1935 માં માટી સંરક્ષણ અને

ઘરેલુ ફાળવણી કાયદો ઘડયો. સરકારે માટીને ઊડતી

રોકવા માટે ખેડૂતોને નવી ખેડાણ પદ્ધતિઓનો અભ્યાસ કરવા માટે પૈસા આપ્યા. એણે માટીનું ધોવાણ રોકવા માટે વૃક્ષ પણ લગાવ્યા.

1939 ની શરદ ઋતુમાં, આખરે વરસાદ આવ્યો.

ત્યારે નવ વરસનો દુકાળ પૂરો થયો.